**અગ્રતા ક્રમ:** **૧**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/ ૧૯૬૧

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૨૦/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: "ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨નું મંજુર મહેકમ"**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**

**તથા તેમનો મત વિસ્તાર: શ્રી જીગ્નેશભાઈ મેવાણી – વડગામ**

# 1

## ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ નું મંજૂર મહેકમ

*15/4/1961 **શ્રી જિગ્નેશ મેવાણી**(વડગામ) : માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની મંજૂર જગ્યાઓ નીચે મુજબ છે. |

| | |
|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ | ૧૪૦ |
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ | ૯૮૨ |

| | | |
|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે. |

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ | ૧૦૭ | ૩૩ |
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ | ૫૪૨ | ૪૪૦ |

| | | |
|---|---|---|
| (૩) | ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે? | (૩) ઉક્ત જગ્યાઓ વય નિવૃત્તિ/સ્વૈચ્છીક નિવૃત્તિ/બઢતીના કારણોસર ખાલી રહેવા પામેલ છે. ઉક્ત જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવાની થતી હોઇ, નિયમોનુસારની કાર્યવાહી બનતી ત્વરાએ કરવામાં આવશે. |

-----------------------------------------------------------

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૯૬૧**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી જીગ્નેશભાઈ મેવાણી (વડગામ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી દર્શનાબેન વાઘેલા–અસારવા**

---

**પ્રશ્ન–૧ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી કેવી રીતે કરવામાં આવે છે?**

**જવાબ :**

❖ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ ની જી.પી.એસ.સી. દ્વારા જાહેરાત આપીને સીધી ભરતીથી જગ્યા ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે તથા બઢતીથી ભરવામાં આવતી જગ્યાઓની કાર્યવાહી શિક્ષણ વિભાગ કક્ષાએથી કરવામાં આવે છે.

❖ **ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ ના ભરતી નિયમો અન્વયે,**

- સંયુક્ત નિયામકની છેલ્લે સીધી ભરતી વર્ષ ૨૦૧૫ માં કરવામાં આવી. તથા સંયુક્ત નિયામકની જગ્યા પર છેલ્લે બઢતી વર્ષ ૨૦૨૩ માં આપવામાં આવી.
- નાયબ નિયામકની જગ્યા પર છેલ્લે બઢતી વર્ષ ૨૦૨૩ માં આપવામાં આવી.
- જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા તેની સમકક્ષ જગ્યાઓ પર છેલ્લે વર્ષ ૨૦૧૯ માં સીધી ભરતી કરવામાં આવી. તથા છેલ્લે વર્ષ ૨૦૨૩ માં બઢતી આપવામાં આવી.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૯૬૧**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી જીગ્નેશભાઈ મેવાણી (વડગામ)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: ડૉ. પાયલ બેન કુકરાણી (નરોડા)**

---

**પ્રશ્ન–૨** **જિલ્લા શિક્ષણાધિકારી વર્ગ–૧ની તથા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (વ.શા.) હેઠળની નવી જગ્યા ઉભી કરવા બાબતનું આયોજન છે કે કેમ?**

**જવાબ :**

❖ મહાનગરપાલિકા વિસ્તારો માટે સને ૨૦૨૪–૨૫ના બજેટમાં નવી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી (૧) અમદાવાદ શહેર (પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર માટે) (૨) ગાંધીનગર ગ્રામ્ય વિસ્તાર માટે (૩) વડોદરા ગ્રામ્ય વિસ્તાર માટે આમ કુલ ૦૩ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વર્ગ–૧ ની જગ્યાઓની સૈદ્ધાંતિક મંજુરી મેળવવામાં આવી તથા વહીવટી મંજુરી માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

❖ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, કચ્છના પૂર્વ વિસ્તાર અંજાર ખાતે નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી માટે જિલ્લા શિક્ષણાધિકારી, વર્ગ–૧ની નવી જગ્યાની સૈદ્ધાંતિક મંજુરી મેળવવામાં આવી તથા વહીવટી મંજુરી માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

❖ સને ૨૦૨૪–૨૫ના બજેટમાં નવી બાબતમાં નીચે મુજબની કુલ ૪૪૧ નવી જગ્યાઓ સૈદ્ધાંતિક મંજુરી મેળવવામાં આવી તથા વહીવટી મંજુરી માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

- બિન આદિજાતિ વિસ્તારની સરકારી માધ્યમિક શાળાના આચાર્ય, વર્ગ–૨ની કુલ ૩૦૧ જગ્યા
- આદિજાતિ વિસ્તારની સરકારી માધ્યમિક શાળાના આચાર્ય, વર્ગ–૨ની કુલ ૯૦ જગ્યા
- રાજ્યના ખાસ અંગભૂત વિસ્તારની સરકારી માધ્યમિક શાળાના આચાર્ય, વર્ગ–૨ ની કુલ ૦૬ જગ્યા
- ભારત સરકાર દ્વારા મંજુર થયેલ ૧૦ આર.એમ.એસ.એ. શાળાઓ માટે આચાર્ય, વર્ગ–૨ની કુલ ૧૦ જગ્યા

- રાજ્યની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતેની શિક્ષણ નિરીક્ષક, વર્ગ–૨ની કુલ ૩૦ નવી જગ્યા
- જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રાજકોટ ગ્રામ્ય અને સુરત ગ્રામ્ય કચેરી માટે શિક્ષણ નિરીક્ષક, વર્ગ–૨ ની ૨ જગ્યા
- રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે મદદનીશ સચિવ, વર્ગ–૨ ની ૨ જગ્યા

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૯૬૧**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી જીગ્નેશભાઈ મેવાણી (વડગામ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી સરદાર ભાઇ ચૌધરી (ખેરાલુ)**

---

**પ્રશ્ન–૩ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨(વ.શા.) હેઠળની ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે કે કેમ?**

**જવાબ :**

ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (વ.શા.) હેઠળની કુલ ૯૮૨ જગ્યાઓ પૈકી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (વ.શા.)ની કુલ ૯૪૨ જગ્યાઓ આવે છે. આ જગ્યાના ભરતી નિયમોમાં સીધી ભરતી/બઢતી રેશિયો ૧:૧ છે. તેમાં પણ બઢતીમાં સરકારી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકો અને સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોનો સમાવેશ થાય છે. જેમાં બઢતીનું પ્રમાણ ૩:૨ છે.

❖ સીધી ભરતીના ફાળે આવતી ખાલી જગ્યાઓનું માંગણાપત્રક તૈયાર કરી ટુંક સમયમાં મોકલી આપવામાં આવશે અને ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

❖ બઢતીના ફાળે આવતી ખાલી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૨ના ઠરાવથી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના જે તે સમયે નિમણૂક થયેલ મદદનીશ શિક્ષકોને નિમણૂક તારીખથી શ્રેયાનતા આપવાનું ઠરાવેલ છે. જેના પરિણામે કમિશનર શાળાઓની કચેરીના તા.૦૨/૦૨/૨૦૨૪ના યાદી પત્રથી સરકારી માધ્યમિક અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોની આખરી શ્રેયાન યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ શ્રેયાન યાદી મુજબ ભરતી નિયમો મુજબની લાયકાત ધરાવતા મદદનીશ શિક્ષકોમાંથી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (વ.શા.)માં બઢતી આપવા અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં કરી ડી.પી.સી. સત્વરે મેળવી બઢતીના ફાળાની જગ્યા બને તેમ સત્વરે ભરવામાં આવશે.

## પુરક પ્રશ્નો:–

**પ્રશ્ન–૧: ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ માં કઈ કઈ જગ્યાઓનો સમાવેશ થાયછે? તેમાં કુલ કેટલી જગ્યા ભરાયેલ છે?**

**જવાબ–** ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ નીચે મુજબની જગ્યાઓનો સમાવેશ થાય છે. જે પૈકી ૧૦૭ જગ્યાઓ ભરાયેલ છે

| ક્રમ | વિગત | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી | ૦૧ |
| ૨ | સંયુકત નિયામકશ્રી(વર્ગ–૧) | ૧૦ |
| ૩ | નાયબ નિયામકશ્રી(વર્ગ–૧) | ૧૭ |
| ૪ | ગુજરાત શિક્ષણ સેવા (વર્ગ–૧) | ૭૯ |

**પ્રશ્ન–૨: ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨માં કઈ કઈ જગ્યાઓનો સમાવેશ થાય છે? તેમાં કુલ કેટલી જગ્યા ભરાયેલ છે?**

**જવાબ–** ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ નીચે મુજબની જગ્યાઓનો સમાવેશ થાય છે. જે પૈકી ૫૪૨ જગ્યાઓ ભરાયેલ છે.

| ક્રમ | વિગત | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | આચાર્ય (વર્ગ–૨) | ૩૮૭ |
| ૨ | શિક્ષણ નિરીક્ષક | ૬૭ |
| ૩ | નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી(પ્લાન) | ૧૬ |
| ૪ | નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી(મ.ભ.યો.) | ૧૧ |
| ૫ | નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી | ૦૦ |
| ૬ | શાસનાધિકારી | ૧૦ |
| ૭ | ગુજરત માધ્યમિક શિક્ષણ બોર્ડ | ૧૨ |
| ૮ | એચ.ઓ.ડી. તથા અન્ય | ૮ |

**પ્રશ્ન–૩: ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ હાલ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે?**

**જવાબ–** ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| **ક્રમ** | **વિગત** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી | ૦૪ |
| ૨ | સંયુકત નિયામકશ્રી(વર્ગ–૧) | ૦૩ |
| ૩ | નાયબ નિયામકશ્રી(વર્ગ–૧) | ૦૩ |
| ૪ | ગુજરાત શિક્ષણ સેવા (વર્ગ–૧) | ૨૩ |

**પ્રશ્ન–૪: છેલ્લા બે વર્ષની અંદર ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ કેટલી જગ્યા ભરવામાં આવી?**

**જવાબ–** છેલ્લા બે વર્ષની અંદર ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ની નીચે મુજબની જગ્યાઓ બઢતીથી ભરવામાં આવી.

| **ક્રમ** | **વિગત** | **ભરાયેલ જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | સંયુકત નિયામક | ૦૭ |
| ૨ | નાયબ નિયામક | ૧૭ |
| ૩ | ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ | ૫૭ |

**પ્રશ્ન–૫: ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ હાલ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે?**

**જવાબ–** ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (વ.શા.) હેઠળ નીચે મુજબની જગ્યાઓનો સમાવેશ થાય છે. તે પૈકી ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે

| ક્રમ | વિગત | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | આચાર્ય | ૪૩૦ |
| ૨ | શિક્ષણ નિરીક્ષક | ૩૦ |
| ૩ | નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી(પ્લાન) | ૧૭ |
| ૪ | નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી(મ.ભ.યો.) | ૦૮ |
| ૫ | નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી | ૨૬ |
| ૬ | શાસનાધિકારી | ૦૮ |
| ૭ | ગુજરત માધ્યમિક શિક્ષણ બોર્ડ | ૦૨ |
| ૮ | એચ.ઓ.ડી. તથા અન્ય | ૦૨ |

**પ્રશ્ન–૬: છેલ્લા બે વર્ષની અંદર ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ કેટલી જગ્યા ભરવામાં આવી?**

**જવાબ**–છેલ્લા બે વર્ષની અંદર ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ની સીધી ભરતી અન્વયે જાહેરાત ક્રમાંક–૧૨૫/૨૦૧૯–૨૦ થી કુલ ૧૩૩ અધિકારીઓને નિમણૂક હુકમ એનાયત કરવામાં આવેલ તથા જુન–૨૦૨૨ માં બઢતીથી કુલ ૩૬૨ જગ્યાઓ ભરવામાં આવી.

**પ્રશ્ન–૭: ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ ની આચાર્યની જીલ્લાવાર ખાલી જગ્યાઓ કેટલી છે? ખાલી જગ્યા માટે હાલ શું વ્યવસ્થા કરવામાં આવી છે?**

**જવાબ–** ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ આચાર્યની જીલ્લાવાર ખાલી જગ્યાઓ અંગેનું પત્રક આ સાથે સામેલ છે.

❖ હાલ જિલ્લા ખાતે સરકારી માધ્યમિક શાળાઓમાં ખાલી રહેલ આચાર્યની જગ્યાઓને સબંધિત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જે તે શાળાના અનુભવી મદદનીશ શિક્ષકને ચાર્જ સોંપવામાં આવેલ છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1961**

**શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ)**

**પ્રશ્ન:** તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે?

**જવાબ:** તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની મંજૂર જગ્યાઓ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ | ૧૪૦ |
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ | ૯૮૨ |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1968**

**શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)**

**પ્રશ્ન:** ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ની ૪૪૭ અને વર્ગ–૨ની ૧૫૪૫ જગ્યાઓ ખાલી હતી તે કાર્યવાહી તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ ની ભરાયેલ અને ખાલી જગ્યા નીચે મુજબ છે

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ | ૫૯ | ૪૩૯ |
| ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ | ૭૨૩ | ૧૦૨૦ |

**પ્રશ્ન:** ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ:** ઉક્ત સ્થિતિએ ભરવામાં આવેલ જગ્યા અને ખાલી જગ્યા નીચે મુજબ છે.

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા | ૫૯ | ૪૩૯ |

**પ્રશ્ન:** ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ:** ઉક્ત સ્થિતિએ ભરવામાં આવેલ જગ્યા અને ખાલી જગ્યા નીચે મુજબ છે.

| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ગુજરાત શિક્ષણ સેવા | ૫૯ | ૪૩૯ |

<table>
<tr>
<td>
<table>
<tr><td>વર્ગ–૧</td><td></td><td></td></tr>
<tr><td>ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨</td><td>૭૨૩</td><td>૧૦૨૦</td></tr>
</table>
</td>
<td>
<table>
<tr><td>વર્ગ–૧</td><td></td><td></td></tr>
<tr><td>ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨</td><td>૭૨૩</td><td>૧૦૨૦</td></tr>
</table>
</td>
</tr>
<tr>
<td>
સ્પષ્ટતા:<br><br>
*15/4/1961 થી શ્રી જિગ્નેશ મેવાણી(વડગામ) દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના મંત્રીશ્રી પાસેથી જવાબ આપવા વિનંતી કરવામાં આવેલ છે. આથી, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨(વ.શા.)ની જ માહિતી અત્રેથી આપવાની રહે છે.<br><br>
તા.૧૪/૦૩/૨૦૧૭ના ઠરાવ અન્વયે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની માહિતી ઉપરોક્ત જવાબમાં સામેલ કરવામાં આવેલ નથી. પરંતુ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની માહિતી આ સાથે પત્રકમાં સામેલ રાખવામાં આવે છે.
</td>
<td>
સ્પષ્ટતા:<br><br>
*15/4/1968 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) દ્વારા ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૫–૦૩–૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૩૯૦૪ (અગ્રતા–૧૭૬)ના અનુસંધાને જવાબ માંગવામાં આવેલ હોઈ, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ માં પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ શિક્ષણની માહિતી આપવામાં આવેલ છે. તથા જે તે સમયે માન.મંત્રીશ્રી શિક્ષણ પાસેથી જવાબ માંગવામાં આવેલ હતો. આથી, શિક્ષણ વિભાગ હસ્તકના તમામ પ્રભાગની માહિતી આપવામાં આવેલ હતી.
</td>
</tr>
</table>

## તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ–૨, સંવર્ગની વિગતો

- તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ–૨ સંવર્ગની જગ્યા શિક્ષણ વિભાગના તા: ૨૯–૮–૨૦૧૩ અને તા: ૧૫–૫–૨૦૧૫ ના ઠરાવથી અનુક્રમે ૨૨૫ અને ૨૩ જગ્યા મળી કુલ ૨૪૮ જગ્યા ઉભી કરવામાં આવેલ છે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ–૨ સંવર્ગના ભરતી નિયમો શિક્ષણ વિભાગના તા: ૧૭–૭–૨૦૧૯ ના જાહેરનામાથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની મંજુર ૨૪૮ જગ્યા પૈકી મંજુર કર્યેથી ૨૩ જગ્યા પાંચ વર્ષ સુધીના સમયગાળા સુધી ખાલી રહેવાના કારણે તા: ૧૭–૧૦–૨૦૨૦ ના ઠરાવ અનુસાર રદ થયેલ છે.
- શિક્ષણ વિભાગના તા: ૧૦–૫–૨૦૨૧ ના કચેરી આદેશથી કેળવણી નિરીક્ષક વર્ગ–૩ માં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી ૧૫૫ કર્મચારીઓને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ–૨ ની જગ્યાએ બઢતીથી નિમણૂંક આપી જગ્યા ભરવામાં આવેલ.
- આજની સ્થિતીએ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ–૨ ની ૨૨૫ જગ્યા પૈકી ૧૦૭ જગ્યા ભરાયેલ છે અને ૧૧૮ જગ્યા ખાલી રહેલ છે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ– ૨ સંવર્ગના ભરતી નિયમો મુજબ ફીડર કેડર કેળવણી નિરીક્ષક વર્ગ–૩ સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓ બઢતી અંગેની જોગવાઇ સંતોષે છે તેઓને બઢતી આપવા અંગેની બાબત હાલમાં વિચારણા હેઠળ રહેલ છે જે આખરી થયેથી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ–૨ ની જગ્યા બઢતીથી ટૂંક સમયમાં ભરવામાં આવશે.

અગ્રતાક્રમઃ– (૧)

(૧) શ્રી દર્શનાબેન વાઘેલા–અસારવા

(૨) ડૉ. પાયલ બેન કુકરાણી (નરોડા)

(૩) શ્રી સરદાર ભાઈ ચૌધરી (ખેરાલુ)